**અગ્રતા ક્રમ :** **૦૯**

**વિભાગ :** શિક્ષણ વિભાગ
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૪/૭૨૦

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ : **૧૨/૦૨/૨૦૨૪**

## પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું સત્ર

**પ્રશ્ન શિર્ષક** : અમદાવાદ શહેરની ખાનગી શાળાઓમાં વસુલવામાં આવતી ફી

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**

**તથા તેમનો મત વિસ્તાર :** શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા)

## અમદાવાદ શહેરની ખાનગી શાળાઓમાં વસુલવામાં આવતી ફી

***૭૨૦ શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

| **પ્રશ્ન** | **ક્રમ** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટિના હુકમોનું ઉલ્લંઘન કરીને ઉંચી ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટીના હુકમોનું ઉલ્લંઘન કરીને ઊંચી ફી ઉઘરાવવામાં આવતી હોવાની ફરિયાદોની વિગત નીચે મુજબ છે. |

| **ફરિયાદોની સંખ્યા** | | |
|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | કુલ |
| ૦૩ | ૦૨ | ૦૫ |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉક્ત સ્થિતિએ ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાઓની કેટલી ફી નિયત કરવામાં આવેલ છે અને સંચાલકો દ્વારા કેટલી ફી ઉઘરાવવામાં આવેલ છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાઓની નિયત કરવામાં આવેલ ફી અને સંચાલકો દ્વારા ઉઘરાવવામાં આવતી ફી ની વિગત **પત્રક–અ** માં સામેલ છે. |
| (૩) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત કઈ શાળાના સંચાલક સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ શાળાના સંચાલક સામે કરવામાં આવેલ કાર્યવાહીની વિગત **પત્રક–બ** માં સામેલ છે. |

પત્રક– અ

(૨) ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાઓની નિયત કરવામાં આવેલ ફી અને સંચાલકો દ્વારા ઉઘરાવવામાં આવતી ફી ની વિગત

| ક્રમ | શાળાનું નામ | મળેલ ફરિયાદોની સંખ્યા | ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાની નિયત કરવામાં આવેલ ફી | | | સંચાલકો દ્વારા ઉઘરાવવામાં આવેલ ફી (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ષ | ધોરણ | મંજૂર ફી (રૂ.) | |
| ૧ | ત્રિપદા ઈંગ્લીશ સ્કુલ, અમદાવાદ | ૦૨ (૨૦૨૨–૨૩) | ૨૦૨૧–૨૨ | ધો–૧ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૨ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૩ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૪ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૫ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૬ | ૩૩,૦૦૦ | ૩૯,૯૦૦ |
| | | | | ધો–૭ | ૩૩,૦૦૦ | ૩૯,૯૦૦ |
| | | | | ધો–૮ | ૩૩,૦૦૦ | ૩૯,૯૦૦ |
| | | | | ધો–૯ | ૩૩,૫૦૦ | ૪૫,૦૦૦ |
| ૨ | નારાયણી હાયર સેકન્ડરી સ્કુલ, નરોડા, અમદાવાદ. | ૦૧ (૨૦૨૨–૨૩) | ૨૦૨૧–૨૨ | પ્રિ પ્રાયમરી | ૧૩,૩૫૦ | એફ.આર.સી. દ્વારા મંજુર થયેલ ફી કરતા વધુ ઉઘરાવેલ ફીના આધારો રજૂ થયેલ નથી. |
| | | | | પ્રાયમરી | ૧૫,૭૫૦ | |
| | | | | સેકન્ડરી | ૧૭,૫૦૦ | |
| ૩ | સ્વસ્તિક સ્કુલ, નવા વાડજ, અમદાવાદ. | ૦૧ (૨૦૨૩–૨૪) | ૨૦૨૧–૨૨ | પ્રાયમરી | ૨૬,૭૫૦ | એફ.આર.સી. દ્વારા મંજુર થયેલ ફી કરતા વધુ ઉઘરાવેલ ફીના આધારો રજૂ થયેલ નથી. |

| ક્રમ | શાળાનું નામ | મળેલ ફરિયાદોની સંખ્યા | ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાની નિયત કરવામાં આવેલ ફી | | | સંચાલકો દ્વારા ઉઘરાવવામાં આવેલ ફી (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ષ | ધોરણ | મંજૂર ફી (રૂ.) | |
| ૪ | નિરમા વિદ્યાવિહાર, બોડકદેવ, અમદાવાદ | ૦૧ (૨૦૨૩-૨૪) | ૨૦૨૧-૨૨ | પ્રિ પ્રાયમરી | ૮૫,૦૦૦ | ૧,૦૧,૫૨૧ |
| | | | | પ્રાયમરી | ૮૪,૫૦૦ | ૧,૦૦,૯૨૪ |
| | | | | સેકન્ડરી | ૮૪,૫૦૦ | ૧,૦૦,૯૨૪ |

પત્રક – બ

(૩) શાળાના સંચાલક સામે કરવામાં આવેલ કાર્યવાહીની વિગત

| ક્રમ | શાળાનું નામ | જિલ્લો | ફરિયાદના નિકાલ માટે સંચાલક મંડળ સામે શી કાર્યવાહી કરવામાં આવી ? |
|---|---|---|---|
| ૧ | ત્રિપદા ઇંગ્લીશ સ્કુલ, અમદાવાદ | અમદાવાદ શહેર | શાળા દ્વારા ફાઈનલ ફી નક્કી થયા પહેલા રૂ૩૯.,૯૦૦ જે .ની ફી ઉઘરાવતી હતી –/ એફના રોજ સુનાવણી ૨૦૨૨/૦૩/૦૭.દ્વારા તા .સી.આર. હાથ ધરીને )CBSE BOARD) માટે ફાઇનલ હુકમ કરી વધુ ઉઘરાવેલ ફી બાબતે શાળાને ફી સરભર કરવા માટેનો આદેશ કરેલ છે.<br>૨૦૨૧ : વર્ષ)– ૨૨થી સદર શાળા CBSE બોર્ડમાં ચાલુ કરેલ છે(. |
| ૨ | નારાયણી હાયર સેકન્ડરી સ્કુલ,<br>નરોડા, અમદાવાદ. | અમદાવાદ શહેર | એફ અમદાવાદ ઝોન .સી.આર.અમદાવાદ ઝોનને મળેલ ફરિયાદ બાબતે એફ .સી.આર. દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર પાસેથી તપાસ અહેવાલ મંગાવેલ છે . –૦૨–૦૩.તા૨૦૨૪ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેરનો અહેવાલ રજુ થયેલ છેશાળા દ્વારા વૈકિલ્પક ફી ફરજિયાત ન હોવાનું જણાવતાં અર .જદાર શ્રી સુરેશભાઇ પટેલ પોતાની ફરિયાદનું નિવારણ આવતા તેમણે પોતાની ફરિયાદ પરત ખેચેલ છે તેથી આ અંગેનો કોઇ અન્ય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.આ સાથે વાલીશ્રીનું નિવેદન સામેલ છે . |
| ૩ | સ્વસ્તિક સ્કુલ,<br>નવા વાડજ, અમદાવાદ. | અમદાવાદ શહેર | એફ અમદાવાદ ઝોન .સી.આર.અમદાવાદ ઝોનને મળેલ ફરિયાદ બાબતે એફ .સી.આર. દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર પાસેથી તપાસ અહેવાલ મંગાવેલ છે . –૦૨–૦૩.તા૨૦૨૪ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેરનો અહેવાલ રજુ થયેલ છે તેમાં જણાવેલ છે કે અરજદાર શ્રી આશિષ કણજરિયા દ્વારા મળેલ ફરિયાદ બાબતે વાલીનો સંપર્ક કરી વધુ કોઈ આધાર પુરાવા માંગેલ હતાં પણ વાલીએ ત્યારબાદ કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથીએ નકકી કરેલ ફી કરતાં વધૂ ફી .સી .આર .જ્યારે શાળા એફ . લેવામાં આવતી હોવાનું જણાતું નથી . |

| ક્રમ | શાળાનું નામ | જિલ્લો | ફરિયાદના નિકાલ માટે સંચાલક મંડળ સામે શી કાર્યવાહી કરવામાં આવી ? |
|---|---|---|---|
| ૪ | નિરમા વિદ્યાવિહાર, બોડકદેવ, અમદાવાદ | અમદાવાદ શહેર | તાના રોજ ગુજરાત વાલી મંડળ દ્વારા અત્રેની કચેરીને મળેલ ફરિયાદ ૨૩/૦૪/૧૫. બાબતે તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેર દ્વારા તા૦.૬૨૩ના રોજ /૦૫/ મળેલ તપાસ અહેવાલ અન્વયેતાના રોજ એફ ૨૩/૦૫/૧૫..આરસમક્ષ રૂબરૂ .સી. .સુનાવણી હાથ ધર્યા બાદ તા૨૧/૦૬/૨૩ના રોજ હુકમ કરી ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે. જેમાં ટર્મ ફી વસુલવા બાબતે માન ના ૨૦૨૨/૦૭/૨૨ .હાઈકોર્ટના તા . SCA No. 2356/2021 ના જજમેન્ટ અનુસાર શાળા એફએ નક્કી કરેલ ફી .સી.આર. ઉપરાંતએક માસની ફી વર્ષમાં બે વખત ટર્મ ફી તરીકે તેમજ નવા પ્રવેશના કિસ્સામાં એક માસની પ્રવેશ ફી ઉઘરાવી શક્શે આ જજમેન્ટ અનુસાર શાળાએ .ટર્મ ફી વસુલેલ છે . |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૭૨૦**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ : શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા)**
**પૂરક પશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ : શ્રી હાર્દિક પટેલ (વિરમગામ)**

---

**પ્રશ્ન–(૧) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફ્રી નિયમન) અધિનિયમ–૨૦૧૭ અને ગુજરાત સ્વનિર્ભર શાળા (ફ્રી નિયમન) નિયમો–૨૦૧૭ ક્યારથી અમલમાં આવ્યા તથા**

**(૨) તેમા કયાં પ્રકારની શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ છે? અને કયા પ્રકારની શાળાઓને આ કાયદાની જોગવાઈ લાગુ પડશે નહી?**

**જવાબ :(૧)** ગુજરાત સ્વનિર્ભર શાળા (ફ્રી નિયમન) અધિનિયમ–૨૦૧૭ શિક્ષણ વિભાગના તા.૨૦/૦૪/૨૦૧૭ ના જાહેરનામાથી તા.૨૦ એપ્રિલ, ૨૦૧૭ થી અમલમાં આવ્યો અને ગુજરાત સ્વનિર્ભર શાળા (ફ્રી નિયમન) નિયમો–૨૦૧૭, ૨૫ એપ્રિલ, ૨૦૧૭ થી અમલમાં આવ્યા.

**જવાબ:(૨)** સદર નિયમમાં રાજ્યમાં ચાલતી પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ સ્વનિર્ભર શાળાઓને સાંકળી લેવામાં આવેલ છે.

- ગુજરાત બોર્ડ, CBSE બોર્ડ, IB બોર્ડ, ICSE બોર્ડ તેમજ અન્ય બોર્ડની મંજુરીઓવાળી શાળાઓનો ફ્રી નિર્ધારણ સમિતિમાં સમાવેશ કરેલ છે.
- સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ–૧૮૬૦ અને ૧૯૫૦ હેઠળ નોંધાયેલી તેમજ કંપની એક્ટ નીચે નોંધાયેલી શાળાઓનો સમાવેશ કરેલ છે.

❖ શાળા સાથે જોડાયેલા ન હોય તેવા ઘોડીયા ઘર, બાલમંદિર, પ્લેગૃપ, જુનીયર કે.જી., સિનીયર કે.જી. ચલાવતી સંસ્થાને **આ કાયદાની જોગવાઈ લાગુ પડશે નહી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૭૨૦**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ : શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા)**

**પૂરક પશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ : શ્રી રીટાબેન પટેલ (ગાંધીનગર-ઉત્તર)**

---

**પ્રશ્ન-(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ અંતર્ગત ફી નક્કી કરવા માટે કયા પ્રકારના માપદંડોને ધ્યાનમાં લેવામાં આવે છે? તથા શાળા ફી નિયમન સમિતિએ મંજૂર કરેલ ફી કરતા વધુ ફી ઉઘરાવતી હોય તો તે શાળા સામે શી કાર્યવાહી કરવામાં આવે છે?**

**જવાબ :** ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ અંતર્ગત ફી નક્કી કરવા માટે આ મુજબના માપદંડો ધ્યાને લેવામાં આવે છે.

૧) શૈક્ષણિક સંસ્થાનું સ્થળ
૨) શાળા ઉભી કરવા માટે થયેલ મુડી રોકાણ
૩) અભ્યાસક્રમનો પ્રકાર
૪) ઉપલબ્ધ આંતરમાળખું
૫) વહીવટ અને નિભાવ પરનો ખર્ચ
૬) સંસ્થાની વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી અને વાજબી ફાજલ ભંડોળ
૭) વિદ્યાર્થીઓની સંખ્યા
૮) શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના પગાર- ભથ્થા અને અન્ય લાભો
૯) સંસ્થાને મળેલ દાન / સહાય

❖ શાળા વધુ ફી લે છે એવું માલૂમ પડે તો જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે અહેવાલ મંગાવવામાં આવે છે. અહેવાલ મળ્યેથી ખરેખર શાળાએ ફી નિયમન સમિતિએ મંજૂર કર્યા કરતાં વધુ ફી લીધેલ હોવાનું ફલિત થતું જણાય તો તેની રૂબરૂ સુનાવણીની તક આપ્યા પછી વિદ્યાર્થી પાસે વધુ લીધેલ ફી રીફંડ કરવા હુકમ કરવામાં આવે છે તેમ છતાં જો શાળા દ્વારા ફી રીફંડ કરવામાં ન આવે તો કાયદાની કલમ-૧૪ મુજબ ફી નિયમન સમિતિ દ્વારા આ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

- પ્રથમવાર કાયદાના ભંગ માટે રૂપિયા **પાંચ લાખ સુધીનો દંડ**.
- બીજીવાર કાયદાના ભંગ માટે **પાંચ લાખથી દસ લાખ રૂપિયા** સુધીનો દંડ.
- ત્રીજીવારના કાયદાના ભંગ માટે **શાળાને અપાયેલ માન્યતા રદ કરવા / એન.ઓ.સી. પરત ખેંચવાની** કાર્યવાહીની થઈ શકે છે.
- ઉપરોક્ત રકમ વસુલ કરવા ઉપરાંત વિદ્યાર્થીઓ પાસેથી લીધેલી વધારાની ફી ની બમણી રકમ હુકમ મળ્યાની તારીખથી પંદર દિવસમાં શાળાએ પરત કરવાની રહેશે.

# <u>પૂરક માહિતી</u>

**પ્રશ્ન–** **ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ હેઠળ ફી નિયમન સમિતિની રચના કેટલા ઝોનમાં કરવામાં આવી છે? તે ઝોનમાં કયા કયા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે?**

જવાબ : આ કાયદા હેઠળ ભૌગોલિક જિલ્લાઓ ધ્યાને લઈને ૦૪ ઝોનમાં ૦૪ ફી નિયમન સમિતિઓની રચના કરવામાં આવેલ છે. જેમાં ઝોનવાર નીચે મુજબ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

| **ક્રમ** | **અમદાવાદ ઝોન** | **વડોદરા ઝોન** | **રાજકોટ ઝોન** | **સુરત ઝોન** |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | વડોદરા | રાજકોટ | સુરત |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ખેડા | સુરેન્દ્રનગર | વલસાડ |
| ૩ | ગાંધીનગર | આણંદ | જુનાગઢ | તાપી |
| ૪ | મહેસાણા | મહીસાગર | ગીર સોમનાથ | નર્મદા |
| ૫ | પાટણ | પંચમહાલ | જામનગર | ડાંગ |
| ૬ | સાબરકાંઠા | દાહોદ | દેવભૂમિ દ્વારકા | ભરૂચ |
| ૭ | બનાસકાંઠા | છોટા ઉદેપુર | અમરેલી | નવસારી |
| ૮ | અરવલ્લી | | પોરબંદર | |
| ૯ | | | ભાવનગર | |
| ૧૦ | | | મોરબી | |
| ૧૧ | | | બોટાદ | |

**પ્રશ્ન–    ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ હેઠળ ફી નિયમન સમિતિમાં કોનો સમાવેશ કરવામાં આવેલ છે?**

જવાબ : ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ ના કાયદા હેઠળ કેટલાક ચોક્કસ જિલ્લાઓ મળીને ઝોન કક્ષાએ એક સમિતિ બનાવવામાં આવે છે. સમિતિના સભ્યો આ મુજબના હોય છે.

- **અધ્યક્ષ :** નિવૃત હાઈકોર્ટ જજ અથવા ડીસ્ટ્રીકટ જજ
  (સુપ્રિમ કોર્ટના આદેશાનુસાર)
- **સભ્ય :**
  (૧) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
  (૨) સિવીલ એન્જીનીયર / માન્ય વેલ્યુઅર
  (૩) શિક્ષણશાસ્ત્રી
  (૪) સ્વનિર્ભર શાળાના એક પ્રતિનિધિ

- **કો–ઓર્ડીનેટર** : ઝોનના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી
  આ સમિતિના કો–ઓર્ડીનેટર

**પ્રશ્ન– ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ અંતર્ગત નક્કી કરવામાં ફી થી શાળા નારાજ હોય તો અપીલની શી જોગવાઈ છે?**

જવાબ :

ઝોનલ ફી નિયમન સમિતિના નિર્ણયથી નારાજ શાળા/સંસ્થા રાજ્યકક્ષાની ફી રીવીઝન સમિતિને નિયત સમય મર્યાદામાં અરજી કરી શકે છે.

શિક્ષણ વિભાગના તા.૨૫/૦૪/૨૦૧૭ ના જાહેરનામાથી રાજ્યકક્ષાની આ મુજબની ફી રીવીઝન સમિતિ બનાવવામાં આવી છે.

- **અધ્યક્ષ :** નિવૃત હાઈકોર્ટ જજ
- **ઉપાધ્યક્ષ** : નિવૃત હાઈકોર્ટ જજ (સુપ્રિમ કોર્ટના આદેશાનુસાર)
- **સભ્ય :**

(૧) સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ)
(૨) સચિવશ્રી (નાણાં વિભાગ) / તેના પ્રતિનિધિ
(૩) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
(૪) સ્વનિર્ભર શાળાના એક પ્રતિનિધિ.

- **સભ્ય સચિવ :**

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ **અથવા**
સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા શિક્ષણ બોર્ડ

ઉક્ત કમિટિના નિર્ણયથી નારાજ સંસ્થા/શાળા નામ. હાઈકોર્ટમાં દાદ માંગી શકે છે.

**પ્રશ્ન–** **ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ હેઠળ કયા પ્રકારની શાળાઓમાં ફી ની કેટલી મુક્તિ મર્યાદા (cut of limit) નિયત કરવામાં આવે છે?**

**જવાબ :** ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ ની જોગવાઈઓ મુજબ શિક્ષણ વિભાગના તા.૨૮/૦૨/૨૦૧૮ ના જાહેરનામાથી નીચે મુજબની ફી ની મુક્તિ મર્યાદા (cut of limit) નિયત કરવામાં આવે છે.

| **ક્રમ** | **સ્વનિર્ભર શાળાનો પ્રકાર** | **વાર્ષિક ફીની રકમ** |
|---|---|---|
| ૧. | પૂર્વ–પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ | રૂ.૧૫,૦૦૦/– |
| ૨. | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ) | રૂ.૨૫,૦૦૦/– |
| ૩. | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) | રૂ.૩૦,૦૦૦/– |

**પ્રશ્ન– ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ અંતર્ગત કયા પ્રકારની ફી ભરવા વાલીઓને ફરજ પાડી શકાતી નથી?**

**જવાબ :** ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ અંતર્ગત શિક્ષણ વિભાગે તા.૧૭/૭/૨૦૧૮ના જાહેરનામાથી નિયત કરેલ નીચે મુજબની ફી ભરવા વાલીઓને ફરજ પાડી શકાતી નથી.

| | | | |
|---|---|---|---|
| ૧) | ટ્રાન્સપોર્ટ ફેસીલીટી | ૬) | સ્વીમીંગ |
| ૨) | બોર્ડીંગ ફેસીલીટી | ૭) | કલબ એક્ટિવીટી |
| ૩) | મેસ અને જમવાની ફેસીલીટી | ૮) | પુસ્તકો અને સ્ટેશનરી |
| ૪) | પર્યટન ક્ષેત્રનો પ્રવાસ | ૯) | કોઈપણ અન્ય પ્રવૃત્તિઓ / સુવિધાઓ જે સંબંધિત બોર્ડની સહ–શૈક્ષણિક પ્રવૃત્તિઓ / સુવિધાઓનો ભાગ નથી |
| ૫) | ઘોડેસવારી | ૧૦) | સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવેલ હોય તેવી અન્ય પ્રવૃત્તિઓ/ સુવિધાઓ. |

**પ્રશ્ન– ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ અંતર્ગત કોઈ શાળા તેનો ભંગ કરે તો તે ભંગ બદલ કાયદામાં શું જોગવાઈ છે?**

જવાબ :– ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ માં કાયદાના ભંગ અંગે અધિનિયમની કલમ–૧૪ માં આ મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

- પ્રથમવાર કાયદાના ભંગ માટે રૂપિયા પાંચ લાખ સુધીનો દંડ.
- બીજીવાર કાયદાના ભંગ માટે પાંચ લાખથી દસ લાખ રૂપિયા સુધીનો દંડ.
- ત્રીજીવારના કાયદાના ભંગ માટે શાળાને અપાયેલ માન્યતા રદ કરવા / એન.ઓ.સી. પરત ખેંચવાની કાર્યવાહીની થઈ શકે છે.
- આ મુજબના દંડની રકમ વસુલ કરવા ઉપરાંત વિદ્યાર્થીઓ પાસેથી લીધેલી વધારાની ફી ની બમણી રકમ શાળાએ પરત કરવાની રહે છે. આ રકમની ચુકવણી તે અંગેનો હુકમ મળ્યાની તારીખથી પંદર દિવસમાં કરવાની રહે છે. ત્યારબાદ વસુલાત કરવાની કુલ રકમના એક ટકા પ્રતિદિન, લેખે ભરપાઈ કર્યાની તારીખ સુધી દંડ વસુલ કરવામાં આવશે. જો આ રકમ ત્રણ મહિનાની મુદત સુધીમાં ભરપાઈ કરવામાં નહી આવે તો, તે રકમ જમીન મહેસુલની બાકી લેણાની બાકી રકમ તરીકે ગણીને વસુલ કરવામાં આવશે.

**પ્રશ્ન–** **નામ.ગુજરાત હાઈકોર્ટના SCA (સ્પેશીયલ સિવિલ એપ્લિકેશન) No.2356 of 2021 અને તેની સાથેના ગૃપ ઓફ મેટર્સના તા.૨૨/૦૭/૨૦૨૨ ના રોજ ચુકાદા અન્વયે શાળાઓ વધુ ફી ઉઘરાવે છે.**

જવાબ :–

- આ ચુકાદામાં જે શાળાઓ નામદાર હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ હતી, તે શાળાઓના ચાર ઝોનલ ફી નિયમન સમિતિઓ અને ફી રીવિઝન સમિતિ, ગાંધીનગરના હુકમો નામદાર હાઈકોર્ટે રદ કરેલ છે અને તેઓની દરખાસ્તો નવેસરથી સાંભળવા/પૂર્તતા મેળવી ૧૨ અઠવાડીયામાં પુન: ફી નિર્ધારણ કરવા ચારેય ઝોનલ ફી નિયમન સમિતિઓને કેસ રીમાન્ડ કરેલ.
- ચારેય ઝોનલ ફી નિયમન સમિતિઓએ નામદાર હાઈકોર્ટના ચુકાદા મુજબ શાળાઓને પુન: સાંભળી ફી નિર્ધારણના નિર્ણયો કરેલ છે.
- નામ. ગુજરાત હાઈકોર્ટના SCA (સ્પેશીયલ સિવિલ એપ્લિકેશન) No. 2356 of 2021 અને તેની સાથેના ગૃપ ઓફ મેટર્સ કુલ–૪૩ કેસોના ઝોનવાઈજ પીટીશનની વિગત આ મુજબ છે.

| **અમદાવાદ ઝોન** | **વડોદરા ઝોન** | **રાજકોટ ઝોન** | **સુરત ઝોન** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧૬ | ૨૧ | ૧ | ૫ | **૪૩** |

**પ્રશ્ન–** **ફી ની મુક્તિ મર્યાદા (cut of limit) માં ફેરફાર કરવા ફક્ત સ્વનિર્ભર શાળાના સંચાલકોએ જ કરેલ રજુઆત અન્વયે સરકારશ્રી ફીના સ્લેબમાં વધારો કરવા માગે છે?**

જવાબ :– વિવિધ ખાનગી શાળા સંચાલકો સિવાય શાળા, શિક્ષકો, વાલી, વાલી મંડળો, નાગરિકો તથા વિવિધ પક્ષકારો દ્વારા ફી ની મુક્તિ મર્યાદા (cut of limit) માં ફેરફાર કરવાની રજુઆતો સરકારશ્રીને મળેલ છે.

- હાલમાં સ્લેબમાં સુધારા કરવાનો નિર્ણય થયેલ નથી.

**પ્રશ્ન– ફી ની મુક્તિ મર્યાદા (cut of limit) માં ફેરફાર કરવાની રજુઆતો અન્વયે સરકારશ્રીએ શી કાર્યવાહી કરી છે?**

જવાબ : ફી ની મુક્તિ મર્યાદા (cut of limit) માં ફેરફાર કરવાની રજુઆતો/સૂચનો/આવેદનો અન્વયે સરકારશ્રીએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૯(૧) હેઠળ ફીના લઘુત્તમ દર (કટ ઓફ લીમીટ) નક્કી કરવા તેમજ અન્ય જાહેર હિતલક્ષી વિવિધ સૂચનો/નીતિ વિષયક બાબતો અંગે અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ પદે સમિતિની રચના કરેલ છે.

- **સમિતિમાં આ મુજબ સભ્યો રહેશે :**

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર | સમિતિના અધ્યક્ષશ્રી |
| (૨) | નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૩) | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૪) | સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨ ઘટક), કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૫) | સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |
| (૬) | ચીફ કો–ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (શહેર) | સભ્યશ્રી |
| (૭) | ચીફ કો–ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત | સભ્યશ્રી |
| (૮) | ચીફ કો–ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વડોદરા | સભ્યશ્રી |
| (૯) | ચીફ કો–ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | સભ્યશ્રી |

**પ્રશ્ન–** **ફી ની કટ ઓફ લીમીટ (લઘુત્તમ મર્યાદા) નક્કી કરવા રચાયેલ સમિતિ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?**

જવાબ: આ સમિતિ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સ્વનિર્ભર (ખાનગી) શાળાઓની ફી નિર્ધારણમાંથી મુક્તિ સંબંધિત વિવિધ શ્રેણીઓ (કેટેગરી) માટે ફી ની કટ ઓફ લીમીટ (લઘુત્તમ મર્યાદા) નક્કી કરવા સમિતિને સૂચનો/ રજુઆતો/આવેદન મોકલવા અંગે અખબારી યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ.

- સમિતિને વિવિધ ખાનગી શાળા સંચાલકો, શાળા, શિક્ષકો, વાલી, વાલી મંડળો, નાગરિકો તથા વિવિધ પક્ષકારો પાસેથી સૂચનો/ રજુઆતો/આવેદનો મળેલ છે.
- આ તમામ સૂચનો/રજુઆતો/આવેદનો પરત્વે સમિતિને ગહન ચર્ચા–વિચારણા કરવા તથા સદર બાબત ગુજરાતના સમગ્ર શાળા, વાલીઓ, વિદ્યાર્થીઓને બહોળી માત્રામાં અસર કરતી હોઈ સમિતિ તેનો નિર્ણય/અહેવાલ સરકારશ્રીને રજૂ કરશે. કાર્યવાહી હાલ ચાલુ છે.

**પ્રશ્ન–** **ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ ને શાળામંડળોએ પડકારેલ, જેની હાલની સ્થિતિ શું છે?**

જવાબ:

- ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ ના કાયદાને પડકારવા શાળામંડળ તેમજ શાળાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ હતી. જે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૨૭/૧૨/૨૦૧૭ ના રોજ ઉક્ત કાયદાને અનુસરવા ચૂકાદો આપેલ હતો.
- ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ સામે હાલમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પીટીશન નં.**૩૧૪/૨૦૧૮** ચાલી રહી છે. જેના **તા.૧૨/૦૪/૨૦૧૯** ના આદેશ મુજબ ફી નિયમન સમિતિએ નક્કી કરેલ ફી શાળા / સંસ્થાએ લેવાની થાય છે, તેમ જણાવેલ છે.
- સદર પીટીશન નામદાર સુપ્રિમ કોર્ટમાં હાલમાં ન્યાયાધીન છે.

**પ્રશ્ન– જે શાળાઓએ વધુ ફી લેતી સાબિત થઈ હોય તે શાળાઓ સામે કેટલો દંડ ઉઘરાવવામાં આવેલ છે?**

જવાબ :–

- જે શાળાઓએ વધુ ફી લેતી સાબિત થઈ હોય તે શાળાઓ સામે આ મુજબ દંડ ઉઘરાવવામાં આવેલ છે.

| ક્રમ | શાળાનું નામ | જિલ્લો | ઉઘરાવેલ દંડની રકમ (રૂ.) |
|---|---|---|---|
| ૧. | અક્ષર પબ્લીક સ્કુલ | વડોદરા | ૧,૦૦,૦૦૦ (એક લાખ રૂપિયા) |
| ૨ | પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ | વડોદરા | ૧,૦૦,૦૦૦ (એક લાખ રૂપિયા) |
| ૩ | પોદાર વર્લ્ડ સ્કુલ | વડોદરા | ૨,૦૦,૦૦૦ (બે લાખ રૂપિયા) |
| ૪ | હનુમંત સ્કુલ મહુવા | ભાવનગર | ૫૦,૦૦૦ (પચાસ હજાર) |
| ૫ | શ્રી પી. વી. મોદી હાઈસ્કુલ | જામનગર | ૨,૫૦,૦૦૦ (બે લાખ પચાસ હજાર) |

**પ્રશ્ન– રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વધુ ફી લેતી કેટલી શાળાઓની ફરિયાદો સંબંધિત ફી નિયમન સમિતિઓને મળી? અને કેટલી ફરિયાદોનું નિવારણ થયેલ છે?**

જવાબ :–

રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વધુ ફી લેતી શાળાઓની ફરિયાદો અને ફરિયાદોનું નિવારણની વિગત આ મુજબ છે.

| ક્રમ | ઝોન | તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | | | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ ફરિયાદ સંખ્યા | નિકાલ કરેલ ફરિયાદ સંખ્યા | બાકી | મળેલ ફરિયાદ સંખ્યા | નિકાલ કરેલ ફરિયાદ સંખ્યા | બાકી |
| ૧. | અમદાવાદ ઝોન | ૦૮ | ૦૮ | ૦૦ | ૦૬ | ૦૬ | ૦૦ |
| ૨. | વડોદરા ઝોન | ૧૫ | ૧૫ | ૦૦ | ૦૮ | ૦૭ | ૦૧ |
| ૩. | સુરત ઝોન | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૦ |
| ૪. | રાજકોટ ઝોન | ૧૯ | ૧૯ | ૦૦ | ૧૧ | ૧૧ | ૦૦ |
| | કુલ | ૪૬ | ૪૬ | ૦૦ | ૨૯ | ૨૮ | ૦૧ |

**પ્રશ્ન–** **રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ફી બાબતે ફી નિયમન સમિતિઓને કેટલી આર.ટી.આઈ. અરજીઓ મળી છે અને કેટલી આર.ટી.આઈ. અરજીઓનો નિકાલ થયેલ છે?**

જવાબ :–

રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ફી બાબતે ફી નિયમન સમિતિઓને મળેલ આર.ટી.આઈ. અરજીઓ અને નિકાલ કરેલ આર.ટી.આઈ. અરજીઓની વિગત આ મુજબ છે.

| ક્રમ | ઝોન | તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | | | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ આર.ટી.આઈ. સંખ્યા | નિકાલ કરેલ આર.ટી.આઈ. સંખ્યા | બાકી | મળેલ આર.ટી.આઈ. સંખ્યા | નિકાલ કરેલ આર.ટી.આઈ. સંખ્યા | બાકી |
| ૧. | અમદાવાદ ઝોન | ૨૪ | ૨૪ | ૦૦ | ૧૬ | ૧૬ | ૦૦ |
| ૨. | વડોદરા ઝોન | ૩૯ | ૩૯ | ૦૦ | ૫૫ | ૫૫ | ૦૦ |
| ૩. | સુરત ઝોન | ૨૬ | ૨૬ | ૦૦ | ૧૮ | ૧૮ | ૦૦ |
| ૪. | રાજકોટ ઝોન | ૦૬ | ૦૬ | ૦૦ | ૦૫ | ૦૫ | ૦૦ |
| | કુલ | ૯૫ | ૯૫ | ૦૦ | ૯૪ | ૯૪ | ૦૦ |

**પ્રશ્ન–** **ફી નિયમન સમિતિઓમાં હાલની સ્થિતિએ કેટલા સભ્યોની જગ્યા ખાલી છે અને કેટલી જગ્યા ભરાયેલ છે?**

જવાબ :–

ફી નિયમન સમિતિઓમાં હાલની સ્થિતિએ આ મુજબ સભ્યોની જગ્યા ખાલી છે અને ભરાયેલ છે.

(૧) ફી નિયનમ સમિતિ : અમદાવાદ ઝોન

| ક્રમ | નામ | હોદ્દો | નિમણૂંકની તારીખ | નિમણૂંક પૂર્ણ થવાની તારીખ | હાલની સ્થિતિ (ખાલી/ ભરાયેલ) |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી યુ. એમ. ભટ્ટ | અધ્યક્ષશ્રી નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ અને સેશન જજ | ૧૨/૦૪/૨૩ | ૦૧/૦૬/૨૪ | ભરાયેલ |
| ૨. | શ્રી બી. એન. પટેલ | સભ્યશ્રી અને ચાર્ટડ એકાઉન્ટન્ટ | ૨૦/૦૫/૨૨ | ૧૯/૦૫/૨૫ | ભરાયેલ |
| ૩. | શ્રી આર.આઈ.પટેલ | સભ્યશ્રી અને શિક્ષણ શાસ્ત્રી | ૧૨/૦૯/૨૦ | ૧૧/૦૯/૨૩ | ખાલી |
| ૪. | શ્રી વલ્લભભાઈ એમ. પટેલ | સભ્યશ્રી અને સંચાલક મંડળના પ્રતિનિધિ | ૧૨/૦૯/૨૦ | ૧૧/૦૯/૨૩ | ખાલી |
| ૫. | ડો. વત્સલ પટેલ | સભ્યશ્રી અને સીવીલ એન્જિનિયર | ૧૨/૦૯/૨૦ | ૧૧/૦૯/૨૩ | ખાલી |

## (૨) ફી નિયનમ સમિતિ : વડોદરા ઝોન

| ક્રમ | નામ | હોદ્દો | નિમણૂંકની તારીખ | નિમણૂંક પૂર્ણ થવાની તારીખ | હાલની સ્થિતિ (ખાલી/ ભરાયેલ) |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી ગણપતસિંહ રણા | અધ્યક્ષશ્રી અને ડિસ્ટ્રીક્ટ જજ | ૧૧/૦૬/૨૦૨૧ | ૧૧/૦૬/૨૦૨૪ | ભરાયેલ |
| ૨. | ડૉ.આરતીબેન ભાટી | સભ્યશ્રી અને શિક્ષણ શાસ્ત્રી | ૧૮/૦૯/૨૦૨૦ | ૧૧/૦૯/૨૦૨૩ | ખાલી |
| ૩. | શ્રી ઉમેશભાઈ પટેલ | સભ્યશ્રી અને સંચાલક મંડળના પ્રતિનિધિ | ૧૮/૦૯/૨૦૨૦ | ૧૧/૦૯/૨૦૨૩ | ખાલી |
| ૪. | શ્રી સત્યકાંતભાઈ શાસ્ત્રી | સભ્યશ્રી અને ચાર્ટડ એકાઉન્ટન્ટ | ૧૮/૦૯/૨૦૨૦ | ૧૧/૦૯/૨૦ ૨૩ | ખાલી |
| ૫. | શ્રી ધવલભાઈ પુરોહિત | સભ્યશ્રી અને સીવીલ એન્જિનિયર | ૦૬/૦૮/૨૦૨૧ | ૦૧/૦૬/૨૦૨૪ | ભરાયેલ |

## (૩) ફી નિયનમ સમિતિ : સુરત ઝોન

| ક્રમ | નામ | હોદ્દો | નિમણૂંકની તારીખ | નિમણૂંક પૂર્ણ થવાની તારીખ | હાલની સ્થિતિ (ખાલી/ ભરાયેલ) |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી અશોક એમ. દવે | અધ્યક્ષશ્રી | ૧૧/૦૬/૨૦૨૧ | ૧૦/૦૬/૨૦૨૪ | ભરાયેલ |
| ૨. | શ્રી મહેશભાઈ વી. પટેલ | સભ્યશ્રી અને શિક્ષણશાસ્ત્રી | ૨૩/૧૧/૨૦૨૧ | ૨૨/૧૧/૨૦૨૪ | ભરાયેલ |
| ૩. | શ્રી ભગીરથ એન. પટેલ | સભ્યશ્રી અને સંચાલક મંડળના પ્રતિનિધિ | ૦૩/૧૦/૨૦૨૨ | ૦૨/૧૦/૨૦૨૫ | ભરાયેલ |
| ૪. | શ્રી અશોક અગ્રવાલ | સભ્યશ્રી અને ચાર્ટડ એકાઉટન્ટ | ૧૬/૦૯/૨૦૨૦ | ૧૫/૦૯/૨૦૨૩ | ખાલી |
| ૫. | શ્રી નીલેશભાઈ શાહ | સભ્યશ્રી અને સિવિલ ઈજનેર | ૧૪/૦૯/૨૦૨૦ | ૧૩/૦૯/૨૦૨૩ | ખાલી |

## (૪) ફી નિયનમ સમિતિ : રાજકોટ ઝોન

| ક્રમ | નામ | હોદ્દો | નિમણૂંકની તારીખ | નિમણૂંક પૂર્ણ થવાની તારીખ | હાલની સ્થિતિ (ખાલી/ ભરાયેલ) |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પી. જે. અગ્રાવત | અધ્યક્ષશ્રી | ૧૧/૦૬/૨૦૨૧ | ૧૦/૦૬/૨૦૨૪ | ભરાયેલ |
| ૨. | શ્રી એ. એ. સેતા | સભ્યશ્રી અને શિક્ષણશાસ્ત્રી | ૦૧/૦૬/૨૦૨૧ | ૩૧/૦૫/૨૦૨૪ | ભરાયેલ |
| ૩. | શ્રી એ. ડી. પટેલ | સભ્યશ્રી અને સંચાલક મંડળના પ્રતિનિધિ | ૧૨/૦૯/૨૦૨૦ | ૧૧/૦૯/૨૦૨૩ | ખાલી |
| ૪. | શ્રી જી.બી. દેવળીયા | સભ્યશ્રી અને ચાર્ટડ એકાઉટન્ટ | ૧૨/૦૯/૨૦૨૦ | ૧૧/૦૯/૨૦૨૩ | ખાલી |
| ૫. | શ્રી ધર્મેન્દ્ર મીરાણી | સભ્યશ્રી અને સિવિલ ઈજનેર | ૧૩/૦૭/૨૦૨૩ | ૧૧/૦૯/૨૦૨૩ | ખાલી |

**અગ્રતા ક્રમઃ– (૯)**

**(૧) શ્રી હાર્દિક પટેલ (વિરમગામ)**

**(૨)   શ્રીમતી રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર)**

**(૩) શ્રી અમીતભાઇ ઠાકર (વેજલપુર)**

# ફી રીવિઝન સમિતિ (રાજ્યકક્ષાની સમિતિ)

| ક્રમ | નામ | હોદ્દો | નિમણૂંકની તારીખ | નિમણૂંક પૂર્ણ થવાની તારીખ | હાલની સ્થિતિ (ખાલી/ ભરાયેલ) |
|---|---|---|---|---|---|
| ૧. | જસ્ટીસ ધિરેન અરવિંદ મહેતા | અધ્યક્ષ | ૧૪/૧૨/૨૦૨૦ | ૧૩/૧૨/૨૦૨૩ | ખાલી |
| ૨. | જસ્ટીસ બંકિમ નિખિલ મહેતા | ઉપાધ્યક્ષ | ૧૪/૧૨/૨૦૨૦ | ૧૩/૧૨/૨૦૨૩ | ખાલી |
| ૩. | શ્રી જતિન ભરાડ | સભ્ય અને સંચાલક મંડળના પ્રતિનિધિ | ૨૯/૧૨/૨૦૨૦ | ૨૮/૧૨/૨૦૨૩ | ખાલી |
| ૪. | શ્રી ભરત મિઠાણી | સભ્ય અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | ૧૫/૧૨/૨૦૨૦ | ૧૪/૧૨/૨૦૨૩ | ખાલી |
| ૫. | જસ્ટીસ ધિરેન અરવિંદ મહેતા | અધ્યક્ષ | ૧૪/૧૨/૨૦૨૦ | ૧૩/૧૨/૨૦૨૩ | ખાલી |

**પ્રશ્ન– ફી નિયમન સમિતિઓમાં ફી માટે કેટલી શાળાઓની એફીડેવીટ અને દરખાસ્તો મળેલ છે ?**

જવાબ :–

**શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ માટે ફી નિયમન સમિતિઓ દ્વારા શાળાઓની ફી નક્કી કરેલ શાળાઓની ઝોનવાઈઝ સંખ્યા દર્શાવતું પત્રક**

**(તા.૩૧/૦૧/૨૦૨૪ અંતિત)**

| ક્રમ | ઝોન | ગુજરાત બોર્ડ સાથે એફીલિટેડ શાળાઓની સંખ્યા | અન્ય બોર્ડ સાથે એફીલેટેડ શાળાઓની સંખ્યા (બોર્ડના પ્રકારની વિગત સાથે) | | | | કુલ ખાનગી શાળાઓની સંખ્યા | દરખાસ્ત | | | એફીડેવીટ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ફી ની દરખાસ્ત કરેલ શાળાઓની સંખ્યા | | કુલ શાળાઓ ની સંખ્યા | એફીડેવીટ કરેલ શાળાઓની સંખ્યા | | | કુલ શાળાઓ ની સંખ્યા |
| | | | સી. બી. એસ. ઈ. | આઈ. સી. એસ.ઈ. | આઈ. બી. | અન્ય | | ફી નિયમન સમિતિ દ્વારા ફી નક્કી કરેલ શાળાઓની સંખ્યા | ફી નિયમન સમિતિ દ્વારા ફી નક્કી કરવાની બાકી શાળાઓની સંખ્યા | | ૧૫,૦૦૦/- સુધી | ૨૫,૦૦૦/- સુધી | ૩૦,૦૦૦/- સુધી | |
| ૧ | અમદાવાદ ઝોન | ૪૦૫૪ | ૧૨૨ | ૧૦ | ૦૫ | ૦૦ | ૪૧૯૧ | ૧૦૨ | ૨૭ | ૧૨૯ | ૩૩૮૮ | ૪૬૬ | ૨૦૮ | ૪૦૬૨ |
| ૨ | વડોદરા ઝોન | ૧૫૭૬ | ૧૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૫૯૪ | ૩૪ | ૦૦ | ૩૪ | ૧૧૧૯ | ૩૨૫ | ૧૧૬ | ૧૫૬૦ |
| ૩ | સુરત ઝોન | ૨૫૯૨ | ૧૪૨ | ૦૮ | ૦૧ | ૦૧ | ૨૭૪૪ | ૬૫૨ | ૨૦ | ૬૭૨ | ૧૬૯૬ | ૨૫૦ | ૧૨૬ | ૨૦૭૨ |
| ૪ | રાજકોટ ઝોન | ૪૨૦૩ | ૬૫ | ૦૨ | ૦૨ | ૦૦ | ૪૨૭૨ | ૩૫૫ | ૦૦ | ૩૫૫ | ૨૪૦૭ | ૧૧૭૦ | ૩૪૦ | ૩૯૧૭ |
| | કુલ | **૧૨૪૨૫** | **૩૪૭** | **૨૦** | **૦૮** | **૦૧** | **૧૨૮૦૧** | **૧૧૪૩** | **૪૭** | **૧૧૯૦** | **૮૬૧૦** | **૨૨૧૧** | **૭૯૦** | **૧૧૬૧૧** |